સામ્પ્રતનો સમય.



નોતમ નાહિ!

પ્રગટ કર્તા.
આણુશંકર અમૃતરામ દીક્ષીત,
ભરૂચ.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.

૧૯૫૪.

ફક્ત એક આનો.

સુંદર, સ્વચ્છ અને મન પસંદ તથા સસ્તા.

રબરના સિક્કા.

અમારી કંપનીમાંથી ગુજરાતી અંગ્રેજી, બાળબોધ, તથા ઉર્દુ ભાષામાં તદન વિલાયતી વસ્તુઓથી બનાવવામાં આવતા ઉંચા ક-ડીઆ રબરના અનેક તરેહના ગોળ ચોખંડા અને નકશીવાળા ર-બરના સીક્કા મનપસંદ બનાવવામાં આવે છે. વળી પેન્સીલ સ્ટાંમ્પ, ડેટ સ્ટાંમ્પ, ચપુમાં સિક્કા, તારીખ મહીનો તથા સન સાથે. પોતનુ અંગ્રેજી, ગુજરાતી વીગેરે ભાષામાં ચોખ્ખે અક્ષરે નામ ઠામ પડી રહે તેવા ડેટીંગ સ્ટાંમ્પ પોતાને હાથે કરેલી સહીના જેવાજ આબેહુબ મળતા સીગનેચર સ્ટામ્પ, પોતાની છબીને મળતાંજ એકજ ફોટાથી પણ વધું સ્વચ્છ છબીઓ છપાય તેવા ફોટો સ્ટેમ્પ તથા પોતાનીજ મેળે સહી લાગે તેવા સેલ્ફ, ઇંકીંગ પ્રેસો એક બેથી વધુ નકલોમાં છપાય તેવા ડુપ્લીકેટરો તથા એક બે અને ત્રણ અક્ષરના નંગજ કોઇ પણ જાતની વેલ સાથે નાગ આવે તેવા સેંકડો જાતના મોનોગ્રામો તથા બીજા કોઇ પણ જાતના રબરના સિક્કા તાકીદે બ-નાવી આપવામાં આવે છે. પીતલ, લાકડુ, મેટલ વીગેરે ધાતુઓ ઉ-પર મદ્રાસી કારીગરોને હાથે સ્વચ્છ કોતર કામ ઘણી જલદીથી પુરૂ પાડવામાં આવે છે. **એજંટો જોઇયે છીએ કમીશન ઘણુંજ સારૂં આપવામાં આવશે.**

નમુનાઓ માટે અડધા આનાની ટીકીટ બીડવી.

રબર સ્ટામ્પને લગતો સામાન તથા રબર સ્ટામ્પ શીખવાની ખાહેશ રાખનારે નીચલે સરનામે પુછવું.

લલ્લુભાઇનું ચકલું. } **મેસર્સ. એમ. ડી. એન્ડ કંપની**

સુરત. } **રબર સ્ટાંપ. મેકર્સ. એન્ડ એજન્ટસ**

અર્પણ પત્રિકા.

મિત્રવર !

નરોતમદાસ ઉમેદરામ મ્હેતા.

ભૃગુપૂર (ભરૂચ)

સમાગમમાં આવનારા મિત્રો પ્રતિ પ્રેમ પ્રદર્શિત કરી, મિત્રની રીત જાળવવા, મિત્રોનું શ્રેય થયલું જોવાની ઉત્કંઠાએ ઉદારતાથી ઉત્તેજન આપવા તથા સ્વધર્મની અવનતી થતી જોઇ ઉન્નતી અર્થે પ્રયાસ કરવા, સ્વાર્થી અને કપટી મિત્રોની પેઠે વિના પ્રયોજને લાંબા સમયથી અરસપરસના નિકટ સ્નેહમાં સંધાયલાં વિશુદ્ધ હૃદયને, પક્ષપાતિ થઇ ક્રુર, ઘાતકી–દુશ્મન સમાન કરી નાંખી "મિત્ર દ્રોહી" ન થવા, તેમ કરવા પહેલાં ઉંડો વિચાર કરવા અને એવા એવા બીજા અનેક મિત્ર વત્સલતાના શુભ–શિવ–ગુણો નિર્ખિ આ મ્હારો નિર્માલ્ય પ્રથમ પ્રયાસ ચર્ણાર્પણ કરૂં છું. તે સ્વિકારી ઉપકૃત કરશો.

વિક્રમાર્ક. ૧૯૫૪.
માર્ગશિર્ષ. કૃષ્ણ પ્રતિપદા.
ભૃગુપૂર.

આજ્ઞાનુરાગી.
કર્તા.



નૌતમ નાદ.

અથવા.

" સામ્પ્રતનો સમય. "

વસંત તિલકા વૃત.

દીશે સકળ જગતમાં સૃષ્ટિ નવીન,
છાંડી સગુણ હિનતા, મદ માંહ લીન;
અંકુર તરૂણ મુળાં, ગહીંથી સડે છે,
હઠીલા દુરાચહી જારીણ નિવડે છે. ૧
લોભી, મદી, મમતીને, કપટી કુટિલ,

કાંહી પડે ન નજરે, સગુણી સુશિલ.
પેખે ન સ્વવગુણ દૂર્ગુણી દૂષ્ટ જન,
અખ્ખીઅહંકૃત કર્યો, પ્રિય તંમ ગંજ; ૨
મન ફાવ્યું સારૂ ધાર્યું, ન ફાવ્યું નઠારૂં,
જાણ્યું ન શાસ્ત્ર અશાસ્ત્ર સરસું અમારૂં;
"છઇએ સુધારાવાળા," કહી દમ્મ દે છે,
(પણ) પ્રત્યેક માર્ગ અવળા, ઉલટાજ લે છે, ૩
ઉક્ષા પ્રદાન કરતા, સ્વમાતા પિતાને,
દે માર નિત્ય નિત્યે, સતિપર્ણિતાને;
ધરવી ન શિખ કર્ણે, વડીલોની લેશ,
ભુંડા સદાય તજતાં, પ્રભુ જે પ્રમેશ. ૪
પાટલુન કોટ પ્હેરી, ચસમા ચ્હડાવી,
ધાલે ધટિક સુંદર, સાંકળ જડાવી;
જૅકેટ ખમ્મિસ પર, ગેલિશ અડાવી,
પંહેરે અનેક ટોપી, પ્રતિમા ચ્હડાવી. ૫
દશ પાંચ મિત્ર ભેળા, ગળિ નીસ નીત્યે,
ફક્કડ બનીને ફર્તા, ફટકેલ ચીત્તે;
વ્યભિચાર સાર લેતા, નકિરે અકર્મી,
થાયે કયમે પછી પ્રજા, સબળી સકર્મી. ૬
સુંદર સ્વરૂપ છાંડી, સ્વપતિ ઠાલા;
વેસ્યા ધરે જઇ સદા, વસતા નમાલા,
ચંપીન, બ્રાંડી, જીંજીર, વલી પોર્ટ પ્યાલા;
પિને પ્રિતેથી પડતા, છટકેલ લાલા. ૭

ત્યાં જઇ અનેક ખાણું, અધર્મી ખાતા;
કરતા કુકર્મ નિત્યે, બની મદમાતા,
મસ્તક ઝઝૂમે જુલ્ફાં મરકટ પેરે;
સૌગંધીદાર તેલો, શિર મધ્ય પ્રેરે. ૮
કેસાવળી વળી વળી, ઠિકઠાક કર્તા;
હેન્ડ કરચીફ[1] હેતે, કર મધ્ય ધર્તા,
ચીરૂટ[2] ચાંપી મૂખમાં, ધૂમગોટ કહાડે;
રંગીન સ્ટીક[3] પકડી, કરતા રહાડે. ૯
અક્કડ અને ફક્કડ, બની ફાંકડાઓ;
વાટે વળી વિચરતા, થઇ વાંકડાઓ,
વિદ્યાલ્પ[4] અહેલ મતિલાં, જયમ માંકડાઓ;
કુમાર્ગ નિત્ય કુદતા, ઉર સાંકડાઓ. ૧૦

માલીની.

મસ મસ મન થાયે, કોટ પાટલુન ધર્વા;
મસ મસ મન થાયે, દેહને ગૌર કર્વા,
મસ મસ મન થાયે, પરનું ધન હર્વા;
મસ મસ મન થાયે, મ્હેલમાં સ્હેલ કર્વા. ૧૧
મસ મસ મન થાયે, વાડી ગાડીમાં ફર્વા;
મસ મસ મન થાયે, સુંદરી સ્નેહ હર્વા,
મસ મસ મન થાયે, ફાંકડા થૈને ફર્વા;

---

૧ હેન્ડકર ચીફ=રૂમાલ. ૨ ચીરૂટ=બીડી (પીવાની.)
૩ સ્ટીક=લાકડી. ૪ વિદ્યાલ્પ=અલ્પ વિદ્યા. થોડી વિદ્યા.

મસ મસ મન થાયે, સ્વાછંદા થર્ણું ધર્વા. ૧૨
મસ મસ મન થાગે, શાસ્ત્ર આજ્ઞાને તજવા;
મસ મસ મન થાયે, રત્નાલંકાર સજવા,
મસ મસ મન થાયે, વિપવત્ કાર્ય ભજવા;
મસ મસ મન થાયે; દિનતાદાન મજવા. ૧૩
મસ મસ મન થાયે, વેસ્યા દ્વાર રહેવા;
મસ મસ મન થાયે, મિષ્ટ મિષ્ટાન લેવા,
મસ મસ મન થાયે, શિળાતા નાંખી નેવે;
મસ મસ મન થાયે, ભાંગના જામ સેવે. ૧૪
મસ મસ મન થાયે, દાંભ જૂઠોનર દેવા;
મસ મસ મન થાયે, વિપળે જૂઠ્ઠ કે'વા,
મસ મસ મન થાગે, સુખ વૈભવ કાજે:
મસ મસ મન થાયે, લેશ મંન ન લાજે. ૧૫

વસંત તિલકા વૃત્ત.

પરનાર દેખી મ્હાતા, વ્યભિચાર કર્મો;
ચિતના ચળેલ મૂર્ખાં, કરતા અધર્મો,
દેખાડે રોપ અધીકો, નવપાઇ પાસે;
તોયે તરૂણી બળતી, રતિ રંગ આસે. ૧૬
છે બાલલગ્ન કેરૂં, ખરૂ એ પરિણામ;
નિર્બળ અકામી પતિને, દે ત્યાગી આમ,
હોયે સ્વરૂપ કજવળથી, અધિક કાળા;
તોએ ગણીને ઉજળા, કરતા કુચાળા. ૧૭

નારી ન જોતી સમિપે, નવમ્હાતી પ્રીતી;
તો તે કપુત નડતા, દરશાવી બીતી,
કકડતાં વસ્ત્ર પ્હેરે, કરસે રૂમાલ;
સોપારી પાન ખાઇ, કરે મુખડું લાલ. ૧૮
અત્તર ફૂલેલ ફાયા,[1] વળી કણું ઘાસે;
નીત્યે પળે નહિતટ્રને, પનઘટ્ટ પાળે,
"ખોં, આખ, થુથુ" કરી, નિજ સ્મૃતિ કરાવે;
જાણે જુવે યુવતીકો, ધરી મોહ ભાવે. ૧૯
વીષય રૂપ વિષને, અમરત્ત ધારી;
ધતાં સદાય મૂખમાં, ન જોતા વિચારી,
સોધે સદા ભજન જ્યાં, નરનાર ભેળાં;
પડતાં ખબર સ્હેલાણિ, જાયે સવેળા. ૨૦
જો ભોગ જોગ મળતાં, દેવસ્થાન હોય;
તો ત્યાં પછી બહુ બ્હાર, વ્યભિચાર નોય,
સુંદર યુવાન બાળા, જયહાં વૃંદ સ્હોય;
ન જાણો સરળ અતઃ, તાણું તે ન હોય. ૨૧
તરૂણી યુવાન જાયે, દઇ દેવ નામ;
ન રોકે પતિ ત્રિયાને, જતાં તેહ ઠામ,
ભોળા ભથાર ભર્માઇ, જાયજ અરેરે;
દૃષ્ટા કુટિલ તરૂણી, ઠગતી ખરેરે. ૨૨
દાંભિક નાર મનમાં, કરી દૂર્વિચાર;
પળતિ કુઠામ ઠામે, નડર્તી લગાર,

---

૧ ફાયા=પુમડાં.

અહિંને તહિં ઘડીએ, ઘડી ઉઠી બેસી;
ચઢતી છકેલ ચક્ષુ, મધ્યમાં મહેષી[1]. ૨૩
ધારી સુંદર વસ્ત્રાભુષણ ઔર અંગે;
રાણી આદ્રશ્ય રતિ પતિ અઘોષ્ટ સંગે,
અંજન આંજી આંખે, મોહક મંત્ર કેરાં;
નાંખે કટાક્ષ ખેંચી, નરપર ઘણેરાં. ૨૪
મોહી પડે તે લલના, પરજાર નારી;
ક્યારે ગળાય ચાહું, પ્રિય પ્રાણ પ્યારી,
ખ્યંડળ અનેક ફરતાં, નર નાર પાસ;
કહાવે ખબર નરનારી થૈ ઉલ્લાસ. ૨૫
લપટાય સપટાય, પરપ્રીત માંહે;
છકડાય અથડાય, વ્યભિચાર લાહે,
(જ્યારે) પકડાય પરનાર, તણે સદનથી;
(ત્યારે) બૌ મારખાય ગમ્માર, પસ્તાય મનથી. ૨૬
સુયશ કેરી ઉજ્વળ, પિતુની પતાકા;
કરે સ્વાગ રંગી બંગી, કરી કર્મ વાંકા,
બજ્જીક દાગ દામે, એમજ બવાડા;
રોકાને તમ ત્રિયાને, ન થાયે બગાડા. ૨૭
ક્ષણીક મોજ માંહે, અખંડાનંદ માણે;
વિષય વિષને સેવે, અમરત જાણે,
રાખે ગિજાસ ગિરના, શિશના સમાન;
અહંકાર ઉર ભારે, રહે ગુલતાન. ૨૮

---

૧ મહેસી=પાડા જેવી.

(એવા મૂર્ખને બોધ વચન)

વસંત તિલકા વૃત.

અરે! મૂઢ મૂર્ખ મતિના, અભાગી જીવ;
વળશે ન કાંઇ એમાં, ભજ શીવ શીવ,
વધુશે અધિક એથી, પરજન્મ ત્હારો;
નહીં થાય કોઇ કાળ, દુઃખ છુટકારો. ૨૯
સઘળું સમાન જાણી, મમતા હરી દે;
ઓમકાર, ઓમકાર, હ્રદયે ભરીદે,
સ્મર ઇશ, ધર ધ્યાન, દશેન્દ્રીયતાણી;
ઓમકાર શનકાર, કર પ્રીત આણી. ૩૦
તો તો થશે તરણુ કાંઇ, દુઃખાબ્ધિ માંહે;
નહીંતો ખરેજ ધર્શે, નહિં કાંઇ બાંહે,
વિણુ સ્મર્ણુ એક બીજુ, નહિં દુઃખ જાશે;
ચચળીત્ત વૃત ધર્જે, તુજ મોક્ષ થાશે. ૩૧
તુજમંત્ર તેજ ગૂરૂ, ગણી એશ સાચ;
છોડી અહંમત મદો, પ્રભુપદ જાચ,
તર્શે કદી ન મર્સ, વિણુ મેહ જગમાં,
પ્રભુ નિત્ય નિત્ય સ્મર્તા, જાશે સ્વરગમાં. ૩૨
(કારણુ કે) ચટ્ટાપટીને, ફૂલેલ અત્તર હજારો;
વસ્ત્રો યુરોપ ફેશીન, અગની અંગારો,
આ'વી છકેલ છટકેલ, રીતી નઠારી;

કહુદહું ગણીને બાંધુ, તજ બિની ખારી. ૩૩
પંથે પળચાઠ જન્નો, અધિકાધિક ખોટે;
ચ્હડતા નથી સરળને, સન્માર્ગ મોટે,
" એ, બી, સી, અર્થ ભણીને, આર્યો બગડ્યા;
લીધો ન ગુણ ગૌરાંગ, તેથી લથડ્યા. ૩૪
ભાળે તિલક આંગછાપ, રંગી વિરંગી;
કંઠે ધરે મસ બધી, કંઠી દુષ્ટ સંગી,
જાતું હમેશ મંદિર, દરશણ કાજે;
બગતાઇ પુર્ણ દર્શાવવી છાંડી લાજે. ૩૫
બગલા તણો જે દુર્ગુણ, તે ધારી ચિતે;
જાતું હમેશ દોડી, વ્યભિચાર નિમીતે,
જે વર્ગ ધર્મઆચાર્ય, તે પણ છે તેવો;
વીદ્યા વિહીણ કાગીક, પસૂપક્ષી જેવો. ૩૬
પરનારી સંગક્રીડા, કરવામાં પુરા;
સુદ્ધ ચિત્ત ભાવે ભક્તિ, કરવા અધુરા,
ભરમાવી ભકત ભોળા, વિસવાસુ થાયે;
દારાને દાગ અહવા, ચહાયે સદાય. ૩૭
ભાજતાને ખુબ ધનથી, સજતાજે શિષ્યે;
તેહનાર પુત્રી સંગે, રમતા તે વિષ્યે,[1]
* " અન્યત્ર પ્રભુ ન ધારો, અગતમ સ્વામી;

---

૧ વિષ્યે=વ્યભિચારપણે.

* કેટલાક ધર્મ ગુરૂઓનો એવો બોધ હોય છે.

પુન્ને બન્નેને સંતોષો, શિર તંગ નામી." ૩૮
આવા દુર બોધે બોધી, શિષ્યને ભમાવે;
તજી નરને કાગાચાર્યો, સ્ત્રીને લોભાવે,
એ બોધ ધારી ઉરમાં, તગનાર પુત્રી;
વર્તે હમેશ અનિતી, રિતી જે કુસુત્રી. ૩૯
જાણે, જુવે છે, એ વાત, તેહ પીતુ ભ્રાતા;
તોયે સનેત્ર અંધા, અદ્યપિ જણાતા,
એ ઢોંગ સોંગ જોઇ હું, થાકયો જગ ત્રાતા;
ફેરવ સુકાન સંસારી, સમાજ જ્ઞાતા. ૪૦
ધાઓ વિભુવર તમે, સુણી અર્જ મ્હારી;
દાંભિકાચાર્ય ખરના, ઉરધો સુધારી,
છે સત સત ધિઃક્કાર, એવા ભાગતને;
વિશ્વાસઘાતી દાંભીક, જગના ઠગતને. ૪૧
હડતાઇ ગયા છે કયાંઇ, સદાચારા માર્યો;
બળી ઝળી રાખ થાયે છ, તેવિણુ આર્યો,
ઇર્ષા અહંમત મદો, તજતા ન આર્યો;
દીન, લીન, ખીન, દેખું, એહ સાર કાઢયો. ૪૨
લીધો ન લા'વ કિંચીત, પ્રજા હિત્તકારી;
કીધો ન સાવ વિચાર, સુખદુઃખકારી,
કાસી જતા કુતરને, જ્યમ શ્વાન જાતી;
નડતી અનેક માર્ગે, ત્યમ લીધ ખ્યાતી. ૪૩
કુસંપ કલેશ કુડતા, પ્રસર્યા ચોપાશે;
એ વીપ વ્યાપ્યું જનમાં, વરતાવ્યો ત્રાશે,

તન, ધન, મનહિણા, ભારતી થયા છે;
સંકટ અનેક શિરે, ઝઝૂમી રહ્યા છે. ૪૪
છે ભુંડું બાની ભારતી, બાલક ખરેરે!
વિકાળ કાળ પૂઠળ, આવ્યો છે અરેરે!
(માટે) કાઢી અનેક કુતર્કો, અંતર મહીંથી;
સદગુણ ગ્રાહી થાઓ, જ્યહીંને તહીંથી. ૪૫
કરી એક્ય શાંત વૃતી, કળાને વધારો;
મજબુત કાર્ય કરીને, ભારત સુધારો,
નહીં તો ખરેજ ભુંડી, દશા આવી લાગી;
કળ બળ રહિત આર્યો, જુઓ ઝટ જાગી. ૪૬
વળી કહીશ કાંઇક, કડવું કટાઇ;
કંજુસ તણા છે કાકા, ધનવાન ભાઇ,
દીયે ન દાન પુસ્તક, પઇસા પ્રમાણ;
ઉછરે કયમેજ બાળો, ગુણવંત ખાણ? ૪૭
નિર્ધન પીતાને ઘેર, જનમે જેહ;
ઇચ્છે કવચીદ ચિત્તમાં, વિદ્યા રત્ન તેહ,
જાયે કવચીદ ધનાઢ્ય, નર દ્વાર હર્ષી;
ખચ્ચીત પાછો પડશે, સુણી વાત નર્સી. ૪૮
નહી હોય તેહ સંઢા, ગ્રહ પૂત્ર પુત્રી;
નહી જાણે તેહ જાસે, લક્ષ્મી અસુત્રી,
ખાશે કો ગોત્રી પ્રીત્રિક, કે જ્ઞાતીલ ભાઇ;
કે થાશે ચોરી અગ્નીય, નવ દેશે પાઇ. ૪૯
ધરશે ન ચિત્ત વિપત્તી, મતહીણ પ્રાણી;

દેસે ન દાગ દિનને, પુર પાપ ખાણી,
કર્શે ઉદય ન કળમાંહી, દેશ નીચ:
ભર્સે ન સાજ સઘળાં, નગળા કમીચ. ૫૦
વણુશે કવચીદ કાર્યો, વિણુદામ જેનાં;
પણ્ દે ન પાઇ તેને, ગર્વંત મજેના,
ખર્શે ન ગર્થ ગજવેથી, ગરીબ ઘેર;
તર્શે ન નાવ મળશે, સ્વરગે શાપેર. ૫૧

માલીની વૃત.

રજશ્રમ નહી કર્શે, સઘ સાહિત્ય માટે;
રજશ્રમ નહી કર્શે, તારૂણોદ્ધાર સાટે,
રજશ્રમ નહી કર્શે, રંકને દાંન[1] દેશે;
રજશ્રગ નહી કર્શે, ઝાળ દુષ્કાળ પેશે. ૫૨
રજઉર નહી ધર્શે, બાળ લગ્ન અનિતી;
રજઉર નહી ધર્શે, હાંકવા એહ ભિતી,
રજઉર નહી હર્ષે, દેસીનું સુખ જોઇ;
રજઉર નહી હર્ષે, દુઃખ વિમુખ જોઇ. ૫૩
ઝળઝળ દીલ દાઝે, દીલ આ ભર્ત દેખી;
ઝળઝળ દીલ દાઝે, ધૂર્ત દાંભિક પેખી,

---

૧ દાંન=દાન=ન=દાન નહી.

ઝળઝળ દીલ દાઝે ભરત દેશીય જોતાં;
ઝળઝળ દીલ દાઝે, દેશ સાહીત્ય ખોતાં. ૫૪

વસંત તિલકા વૃત.

અરે ! એક વાત ભ્રાતા, થઇ યાદ આજે:
કહું છું સુમિત્ર સુણજો, તગહિત કાજે,
" વિધવા વિવાહ કરવો, કરવો ખચિત "
કીધો વિચાર પચીશેક, મિત્રેનુચિત. ૫૫
આધાર વેદ કે શાસ્ત્ર, તણો નવ લેવો,
કાઢયો કુધારો કુટીલે, મન માન્યો તેવો;
સમજ્યા ન સાર ક્ષત, અક્ષત યોન બાળા;
એ જોઇ ઉર લાગે છે, અધિક ઝવાળા. ૫૬
સુવાણી વદી છે વેદે, "અક્ષતયો ન કન્યા;
લગ્ન કરો પુન સમ, વર જોઇ અન્યા,"
પણ એહ માર્ગ કામી, નરને ન ભાવ્યો;
વિધવા તરૂણ સાથે, લગ્ન લાગ ફાવ્યો. ૫૭
અકેક પછીજ એકે, ટેકા દે દેઇને;
ભાંગ્યા સમૂળ ટેકા, અવળા જૈ જઇને,
સુણવું ન કાન પરનું, શિખ દિધ વાક;
સ્વ પક્ષ પુષ્ટ રાખી, પ્રતિ‡ દેવો થાક. ૫૮

---

‡ પ્રતી=સામા પક્ષવાળાને.

અધર્મ કર્મ માંહે, વળી બ્રાહ્મણાઓ;
કરવા સધર્મ ક્રિયા, નિહાળું ઘણાઓ,
તાણી ત્રિપુંડ્ર ટિલડાં, રૂદ્રમાળ કંઠે;
થઇ લંબ પ્હોળ પાટે, પટકાય સંઠે. ૫૯
વઇદીક મંત્ર નાખી, મહા અબ્ધીમાંહે;
ભણતા અશાસ્ત્ર મંત્રો, અશુદ્ધક સાંહે,
નવ જ્ઞાન શાસ્ત્ર સાચું, પણ જુઠ દંભ;
ધારી ધુતાર ફરતા, ચતાં કર્ણું લંબ. ૬૦
દારૂણ દાટ દારૂક* તણો વાળી નાંખે;
અભક્ષ્ય રંક પશુઓ તણાં માંશ ચાખે,
ગાંજાને ભાંગ ચટની, સમનિત્ વટાયે;
માઝમ્ અફીણ ચાંડુલ, પિયે બા છટાયે, ૬૧
અધર્મ વર્ણ વિશયા, વિષવંત નારી;
સેવે સદાય ગણીને, યજમાન ભારી,
રાખીને નિજ ગૃહમાં, વળી જૈને સાંહે;
રમ્તા વિલાસ રતીએ, અતી કામ લાહે. ૬૨

---

* દારૂક=દારૂનો (કેટલાક બ્રાહ્મણો ધર્મશાસ્ત્રના ખોટા ખોટા આધાર બતાવી પોતાની ટેવ ખાતર યાતો શોખને ખાતર દેવ દેવતાઓનાં બહાના કહાડી અતિશય દારૂ પિયે છે. માંશ ખાયે છે અને કેટલાક બ્રાહ્મણો સંખોદ્ધાર કરવાને બહાને પણ અતિશય દારૂના બદ્દાઓ ઉડાવી હાજર રહેલા બ્રાહ્મણુને પાય છે. જો કોઇ પિયેતો તેના ઉપર દેવી કોપશે યા દેવ કોપશે એવી બીક બતાવીને પણ પાય છે.

શર્મ ન લેશ ધર્મજ, મુકયો છે મસાણે;
અહર્વાંજ દામ ગૃહથી, શિષ્યનાં પરાણે,
ખાવા પિવાનું ખાંતેથી, ખુબ ખાસું લેવું;
હદમ મલિદ્ ખાઇ, મસિદ સુઇ રે'વું. ૬૩
શાસ્ત્રોક્ત ન્યાય નિતીને, નવ ધર્યાં કાને;
ભાવેને ફાવે સ્વચને, નેહ શાસ્ત્ર માને,
પણ શાસ્ત્ર જે લહીંગુ, રૂઢીનું* કહાવે;
તે તો કર્યું મુખ પાઠ, ખળ રાક્ષ ભાને. ૬૪

મરાઠી ચાલની સાખી.

અગ્રેસરતો અંધ બનીને, આંધળા માર્ગ આચરશે;
ધર્મ કર્મને કોરે મુકી, રૂઢી ચુડી કર ધરસે,
ધરસે પણ ઠગ ઠરસે-હાં-ખરેખર સજ્જન નવ કરસે-ધરસે. ૬૫

* કેટલાક દ્વેશી અને પોતાનું વેર વાળવાને તત્પર રહેનારા ચડસીલા બ્રાહ્મણો સુદ્ધાં—સાસ્ત્રમાં જો એક વાતની ના કહી હશે યા તે બાબત હશેજ નહીં છતાં પણ માત્ર પોતાના દ્વેશને ખાતરજ રૂઢીનું બહાનું કહાડી પોતાના પ્રતિપક્ષ વાળાઓને અપવાદી કરે છે તેમજ તેમ કરવાને પોતાનો પક્ષ પુષ્ટ કરવા જ્ઞાતીના આગેવાનોની ખુશામત કરીને પણ વેર વાળે છે ધીઃકાર છે એવા "ब्रुह्मासिद्ध" ગણાતા બ્રાહ્મણોને.

ચાહે તો વરકે કન્યા, વિપ્પળે મરજો;
(પણ) સ્વાર્થીને મૂર્ખ ગુરૂનું, તબાંણું ભરજો,
શંકા શું સાચી થઇ કે, હસે સાવ ખોટી ?
જે પુછું કોઇ પંડીત, સત શાસ્ત્ર જોટી. ૬૬
ભાગવત ભણે છ ભાવે, કહી સત્ય વાત;
પ્રાચીન સમયમાં જે, અસુર સાક્ષાત,
તેહ કાળ સાંમ્પ્રતમાં, ઉત્પન થયા છે;
પામીને યોન બ્રાહ્મણ, દંભિક બન્યા છે. ૬૭
આઃ શું ઇશ અકળીત, કળ બળ ત્હારૂં;
કળી કાળ બ્રહ્મ[1] જોઇ, ચળે ચિત્ત મ્હારૂં,
છે વ્યર્થ જન્મ જગમાં, સ્વાર્થી બ્રાહ્મણોના;
પડજો ને ફાટ કુક્ષે, જણતી તનોનાં. ૬૮
બ્રાહ્મણ નહીં પણ છે, નક્કી બ્રહ્મરાક્ષ;
કારણ ચુશે છ લોહી, એહ જન લાક્ષ,
વૈદિક શાસ્ત્ર વિહીણા, મદમાત નંદી;
છે યોગ્ય સર્વ જનમાં, તજવા કુચ્છંદી. ૬૮
વળી બાળ લગ્ન માટે, કડવું કહીશ;
પણ આર્ય બંધુ પર્ને, કે'વા ન દઇશ,
ધન માટ સાટ કર્ત્તા, વૃધ સંગ બાળે;
સ્વર્ગસ્થ થાય બુઢ્ઢાજી, પછી સ્વલ્પ કાળે. ૬૯
નિર્દોશ બાળકી બને, વિધવા સ્વરૂપ;

---

૧ બ્રહ્મ=બ્રાહ્મણ.

જોઇને રોઇ મરતાં, સઉ રંક ભૂપ,
જવ થાય વિદ્ધવબાળા, યુવા અંગ વાળી;
તવ કામ શત્રુ રે'છે, રગે રગ મ્હાલી. ૭૦
ફાલેફૂલે અવયવો, સ્મરસ્થાનના તે;
નિરખી યુવાન પુરૂષો, મોહી જતારે,
કરતા ઉપાય તરૂણી, તે હાથ લેવા;
ડરતા જરાય નાંહી, પ્રભુમાર રહેવા. ૭૧
સમય કુસમ યુધનો, નર દેખી દ્રષ્ટે;
સ્મર્તી તે "નાથ ! હે નાથ" ! દિનમૂખપ્રષ્ટે,
ધરતી નિશ્વાસ ઉંડા, વદતી અંતર્મા;
ફૂટ પડજો ફાટી માતા, મમ લગ્ન કર્તા. ૭૨
જાજો નિકંદન વળી, સહાયક થતાનું;
જાજો નખોદ સમુળું, વળી જોષટાનું,
કીધો જનમ સધળો, મમ વ્યર્થ આંહી;
હાયે કરૂસું જીવીને, પડું કુપ માંહી. ૭૩
હાયે જઉં હું પેશી, ધરતી દેજો માગ;
હાયે થઉં હું જોગણુ, સમશાન જાગ,
હાયે બળું કે અગ્નીય, ચિતામાં પડીને ?;
હાયે કરૂં શું અહીંઆં, મરૂહું રડીને ?. ૭૪

શાર્દુલ વિક્રીડીત.

લાગે નહીં કંઇ સુખ નિશદીને, વીચાર આવે ઘણા;

કરવું શું વિધવા થઇ મ્હારે, દુઃખમાં નથીરે મણા,
કરવો અન્ય પતિકે નહીં હવે? થાવું વ્યભીચારિણી;
લજ્જા લોપવી ધિઃક્ધિઃક્ મુજને, થાવું વ્રતઃધારિણી. ૭૫

આશ્રમ એકાંત બાળા, ઘડી વાર ખોળી;
કરતી રૂદન નેત્રો, જળથી ઝબોળી,
કમળા કૃતી મૂખને, કરમાતું જોતો;
હે! દીન નાથ સામાટ, નિરખી ન રોતો. ૭૬
જે શાખ દીખ દીધેલ, સદ હોય નારી;
તો નો પ્રિતી પ્રભુપરે, ધરતી બિચારી,
રમતી અખંડ વિભુને, પદ જાચી જાચી.
જે વેદ પાણી વદિયા, તેહ જાણી સાચી. ૭૭
પણ અન્ય દુષ્ટદારા, કુસંગી અનંગી;
ગણુતી ન વાત કોની, સ્વકાને વિહંગી,
ફરતી ફરાય જ્યાંહે, વિણુ સત્ય સંગી;
ડરતી જરાન મનમાં, અધર્મી અપંગી. ૭૮
વિલાશ વૈભવ બધા, ઉરસાચ્ય જાણી;
ત્યાગે સુનિતી રીતી, સત સારંગપાણી,
લાંછન લગાડે પીતુ, માતા યશવંતાં;
વધુ પુત્રી જારી દેખી, દુઃખાતાં અનંતા. ૭૯
એવા અધીક ભંડાર નરસા ભર્યા છે;
તેથીજ આર્ય સઘળા, દુઃખમાં મર્યા છે,

ટાળો અવિધ ને આપ, કૃત સ્વાર્થી ઝેરી;
ઉદય કળાઓ થાશે, ભારતીય કેરી. ૮૦
માટે છે નમ્ર વિનતી, મમ બાંધુ પ્રીતે;
રોકો પ્રનાળ વહેતી, ધરી સધ ચીતે,
સહી સાર માત્ર ધરશો, ઉર દેશ દાઝ;
કુચાલ કાઢી ભરશો, સદ્‌ચાલ ઝાઝ. ૮૧
તો નો થશે તરણુને, રહેશેજ લાજ;
નહી તો ખરેજ ખશે, કળાબળ કાજ,
સ્વદ્દષ્ટ નિરખી ચિત્ર્યું, ખરે ચિત્ર આજ;
કરશો ક્ષમા ગમદોષ, વિદ્વદ્દ સમાજ. ૮૨
સ્વામિ સિતાના સુતને, રટ સાણુભાઇ;
વ્યાસોપનામ કહે છે, નમી ચર્ણ્ સ્હાય,
નીવાસ પૂર ભગુમાં, નર્મદ કિનારે;
નીર્મળ જળમાં ન્હાતાં, મળ મંઝધારે. ૯૩

પ્રભુ પ્રાર્થના!

(ઝુલણા છંદ.)

પ્રભાતિઉં.

જય વિભુ વિશ્વ આધાર, શ્રુજનારતું;
સકળ બ્રહ્માંડનો, તુંજ ત્રાતા,

દેવમાં દેવતું, સર્વમાં શ્રેષ્ટ તું;
ઇષ્ટમાં ઇષ્ટ છે, પિતુલ ભ્રાતા,
કળ અકળ અચળ છે, પાર પામે નહીં;
મુનિ પરમ્હંસકે, માન ધાતા,
સુર્ય, શશી, નભ અને, જ્યોત તારા તણી;
પ્રથ્વી, પર્વત, અતિ સુખદાતા. ૮૪
દ્રોપદી, જાનકી, શ્રી સતિ તારી ત્હેં;
પ્રૌઢ પ્રતાપ છે, સૌથી સારા,
નૃસિંહ વામનને રામ રાધા પતિ;
ધર્મ મહાદેવ તે, અંસ ત્હારા,
અમ પર કર કૃપા, શર્ણું અસરણુ તણાં;
હરણુ આધી વ્યાધી, ઉપાધિ ભારા,
નમી નમી માગીયે, જીવ અભાગીયાં;
કાપ કૃપાનિધિ, કષ્ટ સારાં. ૮૫

શાંતિઃ શાંતિઃ શાંતિઃ